તા. 14-Dec-2024
સમય : સવારે 7.45(નેશનલ)

# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 14-Dec-2024 સવારે : 7.45 થી 7.55
વાર : શનિવાર

આકાશવાણી
સમાચાર જયેશ વેગડા વાંચે છે.

---

1) **ભારતના બંધારણના 75 વર્ષની ગૌરવશાળી યાત્રા પર લોકસભામાં ચર્ચાનો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જવાબ આપશે.**
2) **પ્રધાનમંત્રી આજે નવી દિલ્હીમાં રાજ્યોના મુખ્ય સચિવોની ચોથી રાષ્ટ્રીય પરિષદની અધ્યક્ષતા કરશે.**
3) **ધોરીમાર્ગો પર સલામતી વધારવા અદ્યતન નવા રૂટ પેટ્રોલિંગ વાહનો શરૂ કરવાની ભારતીય રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળની યોજના.**
4) **શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખ અનુરા કુમારા દિસાનાયકે આવતીકાલથી ભારતની ત્રણ દિવસની મુલાકાતે આવશે.**
5) **જુનિયર એશિયા કપ મહિલા હોકી ટુર્નામેન્ટની પ્રથમ સેમિફાઇનલમાં આજે ભારતનો મુકાબલો જાપાન સામે થશે**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

તા. 14-Dec-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# LS-CONSTITUTION DISCUSSION

ભારતના બંધારણના 75 વર્ષની ગૌરવશાળી યાત્રા પર લોકસભામાં ચર્ચા આજે પણ  ચાલુ રહેશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આ ચર્ચાનો જવાબ આપશે.

બંધારણ અપનાવવાના 75 વર્ષ પૂરા થવાના અવસર પર ગઈકાલે લોકસભામાં બે  દિવસીય ચર્ચા શરૂ થઈ. ચર્ચાની શરૂઆત કરતા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે ભારતીય  બંધારણે સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક જીવનના તમામ પાસાઓને ધ્યાનમાં લઈને રાષ્ટ્ર નિર્માણનો માર્ગ મોકળો કર્યો છે.

વિપક્ષ કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતાં શ્રી સિંહે કહ્યું કે તાજેતરના વર્ષોમાં બંધારણને માત્ર એક પક્ષના યોગદાન તરીકે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે બંધારણ એ કોઈ એક પક્ષનું યોગદાન નથી, પરંતુ ભારતીય મૂલ્યોને અનુરૂપ એક અનન્ય, પરિવર્તનકારી દસ્તાવેજ છે. શ્રી સિંહે કહ્યું કે ભારતીય બંધારણ પ્રગતિશીલ, સર્વસમાવેશક અને પરિવર્તનશીલ છે..

ચર્ચામાં ભાગ લેતા, કોંગ્રેસના પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું કે નાગરિકોને સુરક્ષિત રાખવા માટે બંધારણ એક રક્ષણાત્મક કવચ છે. તેમણે કહ્યું કે આ ન્યાય, એકતા અને અભિવ્યક્તિના અધિકારની ઢાલ છે. શ્રીમતી વાડ્રાએ આક્ષેપ કર્યો હતો કે શાસક પક્ષે આ રક્ષણાત્મક કવચને તોડવાનો પ્રયાસ કર્યો છે.

ચર્ચામાં ભાગ લેતા સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવે કહ્યું કે બંધારણ લોકશાહીની આત્મા છે. તેમણે કહ્યું કે ગૃહમાં 75 વર્ષ બાદ ફરીથી બંધારણ પર ચર્ચા થઈ રહી છે. શ્રી યાદવે કહ્યું કે બંધારણ દેશના દલિત અને વંચિત લોકોનું સાચું રક્ષક છે.

તા. 14-Dec-2024

સમય : સવારે 7.45(નેશનલ)

ડીએમકેના ટીઆર બાલુએ કહ્યું કે બંધારણ માત્ર કાયદાઓ, અધિકારો અને ફરજોનું પુસ્તક નથી, પરંતુ સ્વતંત્ર ભારતના પ્રથમ પેઢીના નેતાઓનું વિઝન છે જે દેશને માર્ગદર્શન આપે છે.

જનતા દળ યુનાઈટેડના સાંસદ અને કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન સિંહે કહ્યું કે જે લોકો બંધારણ સાથે છેડછાડ કરશે તેમને માફ કરવામાં આવશે નહીં, તેમને કટોકટી લાદવા અને ચૂંટાયેલી રાજ્ય સરકારોને પછાડવા માટે કલમ 356નો દુરુપયોગ કરવા બદલ કોંગ્રેસની ટીકા કરી હતી.

તૃણમૂલ કોંગ્રેસના કલ્યાણ બેનર્જી, તેલુગુ દેશમ પાર્ટીના બાયરેડી શાબરી, શિવસેના યુબીટીના અરવિંદ સાવંત, એનસીપી - શરદ પવાર જૂથના અમોલ રામસિંહ કોહલે, લોક જનશક્તિ પાર્ટીના શાંભવી ચૌધરી સહિત અનેક સાંસદોએ ચર્ચામાં ભાગ લીધો હતો.

## JAISHANKAR-PORTUGAL MINISTER

વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકરે ગઈકાલે નવી દિલ્હીમાં પોર્ટુગલના વિદેશ મંત્રી પાઉલો રાંગલ સાથે ચર્ચા કરી હતી.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે તેમણે ભારત અને પોર્ટુગલ વચ્ચેના સંબંધોની સમીક્ષા કરી હતી અને સ્વચ્છ ઉર્જા, ટેક્નોલોજી, ડિજિટલ, પરિવહન, હેરિટેજ અને દરિયાઈ સહયોગ જેવા ક્ષેત્રોમાં નવી તકોની અંગે ચર્ચા કરવામાં આવી હતી. બંને નેતાઓએ પશ્ચિમ એશિયા, યુક્રેન અને ઈન્ડો-પેસિફિક સંબંધિત મુદ્દાઓ પર પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. ડો. જયશંકરે બંને દેશો વચ્ચેના બહુપક્ષીય સહયોગ તથા ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચેના સંબંધોને મજબૂત કરવા માટે પોર્ટુગલના સમર્થનની પણ પ્રશંસા કરી હતી.

## PM-NATIONAL CONFERENCE

તા. 14-Dec-2024

સમય : સવારે 7.45(નેશનલ)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં રાજ્યોના મુખ્ય સચિવોની ચોથી રાષ્ટ્રીય પરિષદની અધ્યક્ષતા કરશે.

આ પરિષદનો ઉદ્દેશ સહકારી સંઘવાદ પર ધ્યાન કેન્દ્રિત કરીને કેન્દ્ર અને રાજ્યો વચ્ચેની ભાગીદારીને વધુ મજબૂત કરવાનો અને ઝડપી વૃદ્ધિ અને વિકાસ હાંસલ કરવા માટે વધુ સહકાર સુનિશ્ચિત કરવાનો છે. મુખ્ય સચિવોની પ્રથમ પરિષદ જૂન 2022માં ધર્મશાલામાં, બીજી જાન્યુઆરી 2023માં દિલ્હીમાં અને ડિસેમ્બર 2023 માં દિલ્હીમાં ત્રીજી પરિષદ યોજાઇ હતી. અમારા સંવાદદાતાએ જણાવ્યું છે કે સંમેલનમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો, વરિષ્ઠ અધિકારીઓ અને વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો ભાગ લઈ રહ્યા છે.

## PRADHAN-WOMEN WORKSHOP

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું છે કે સરકાર મહિલા વિકાસનો દ્રષ્ટિકોણ બદલીને મહિલાઓના નેતૃત્વમાં વિકાસ લાવવા માટે પ્રતિબદ્ધ છે. ગઈકાલે નવી દિલ્હીમાં એક દિવસીય કાર્યશાળાનું ઉદ્ઘાટન કરતાં આ મુજબ જણાવ્યું હતું. આ કાર્યશાળાની વિષયવસ્તુ " મહિલા નેતા – વર્ષ 2027માં વિકસિત ભારત માટે શૈક્ષણિક શ્રેષ્ઠતા તૈયાર કરવું" છે. શિક્ષણ મંત્રીએ કહ્યું કે કાર્યશાળામાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ના દ્રષ્ટિકોણ મુજબ શિક્ષણના દરેક સ્તરે મહિલા સશક્તિકરણ પર ભાર મૂકવામાં આવ્યો છે.

શ્રી પ્રધાને કહ્યું કે મહિલા સશક્તિકરણના ભારતીય મોડલની રચના એવી રીતે થવી જોઈએ કે મહિલાઓ તમામ નીતિ ઘડતર અને જીવન ના વિકલ્પોની પસંદગીમાં સામેલ હોય. તેમણે કહ્યું કે મહિલા શક્તિ દ્રઢતા અને આશાનું પ્રતિક છે અને મહિલાઓ સાથે આદરપૂર્વક વર્તવું એ ભારતીય સંસ્કૃતિનું અભિન્ન મૂલ્ય છે.

વર્કશોપનો ઉદ્દેશ્ય એ દર્શાવવાનો છે કે મહિલાઓ કેવી રીતે ઉચ્ચ શિક્ષણના શૈક્ષણિક ધોરણોમાં વધારો કરી રહી છે અને તેઓને નેતૃત્વની ભૂમિકાઓ નિભાવવા માટે કેવી રીતે તૈયાર અને પ્રેરિત કરવામાં આવે છે.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

ગોન્ગ મ્યુઝિક

## NHAI-RPV

ભારતીય રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ ધોરીમાર્ગો પર સલામતી વધારવા માટે હાઈવે સાથી નામના અદ્યતન નવા રૂટ પેટ્રોલિંગ વાહનો શરૂ કરવાની યોજના બનાવી રહ્યું છે.

માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે જણાવ્યું હતું કે આ વાહનો કટોકટીની પરિસ્થિતિઓ પર દેખરેખ રાખવા અને પ્રતિસાદ આપવા માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગના ભાગોનું નિરીક્ષણ કરશે. આ વાહનમાં બંધ કેબિનેટ અને AI-સક્ષમ ડેશબોર્ડ કેમેરા હશે. આ વાહનો ટ્રાફિક અવરોધ ઘટાડવા, માર્ગ સલામતી સુધારવા અને રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર એકંદર માર્ગ વપરાશકર્તા અનુભવને વધારવા માટે અદ્યતન માહિતી અને સલામતી ઉપકરણોથી સજ્જ હશે.

## MEA-SRI LANKA PREZ VISIT

તા. 14-Dec-2024

સમય : સવારે 7.45(નેશનલ)

શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખ અનુરા કુમારા દિસાનાયકે આવતીકાલથી ભારતની ત્રણ દિવસની મુલાકાતે આવશે.

ગઈકાલે મીડિયાને માહિતી આપતા વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખ તરીકે ચૂંટાયા બાદ શ્રી દિસાનાયકેની આ પ્રથમ વિદેશ મુલાકાત હશે. મુલાકાત દરમ્યાન શ્રી દિસાનાયકે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળશે તથા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે પરસ્પર હિતના દ્વિપક્ષીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા કરશે. શ્રી જયસ્વાલે કહ્યું કે શ્રીલંકાના રાષ્ટ્રપતિ નવીપ્રમુખ દિલ્હીમાં એક વ્યાપાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે અને બિહારમાં બોધગયાની પણ મુલાકાત લેશે. તેમણે કહ્યું કે શ્રી દિસાનાયકેની આ મુલાકાત બંને દેશો વચ્ચે બહુપક્ષીય અને પરસ્પર સહયોગને મજબૂત બનાવશે.

## HOCKEY

જુનિયર એશિયા કપ મહિલા હોકી ટુર્નામેન્ટની પ્રથમ સેમિફાઇનલમાં આજે ભારતનો મુકાબલો જાપાન સામે થશે. ઓમાનના મસ્કતમાં રમાનારી આ મેચ ભારતીય સમય અનુસાર સાંજે છ વાગ્યાથી શરૂ થશે.

ભારતે ગુરુવારે થાઈલેન્ડને 9-0થી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. આ જીત સાથે ભારત આવતા વર્ષે ચિલીમાં યોજાનારા FIH જુનિયર મહિલા હોકી વિશ્વ કપ માટે પણ ક્વોલિફાય થઈ.

આજે બીજી સેમિફાઇનલમાં ચીનનો મુકાબલો દક્ષિણ કોરિયા સામે થશે.

## SOUTH KOREA-IMPEACHMENT

તા. 14-Dec-2024
સમય : સવારે 7.45(નેશનલ)

**દેશમાં સૈન્ય કાયદો લાદવાના પ્રયાસ બાદ દક્ષિણ કોરિયાના સાંસદો રાષ્ટ્રપ્રમુખ યુન સુક યેઓલ વિરુદ્ધ બીજા મહાભિયોગ પ્રસ્તાવ પર આજે સંસદમાં મતદાન કરશે. ભારતીય સમય અનુસાર લગભગ બપોરે સાડા બાર વાગ્યાથી મતદાન શરૂ થશે.**

**ઠરાવ પસાર કરવા રાષ્ટ્રીય વિધાનસભાના ત્રણસો માંથી બસ્સો સભ્યોના સમર્થનની જરૂર પડશે. ત્યારબાદ મામલો બંધારણીય અદાલતમાં જશે. મહાભિયોગ પ્રસ્તાવ પસાર કરવા વિપક્ષી સાંસદોએ શ્રી યુનની રૂઢિચુસ્ત પીપલ્સ પાવર પાર્ટીના આઠ સાંસદોને તેમની તરફેણમાં કરવા પડશે. ગઈકાલે સત્તાધારી પક્ષના સાત સાંસદોએ મહાભિયોગ પ્રસ્તાવને સમર્થન આપવાનું વચન આપ્યું હતું.**

**માર્શલ લૉ લાદીને રાષ્ટ્રપ્રમુખ યૂનને હટાવવાનો પહેલો પ્રયાસ નિષ્ફળ ગયાના સપ્તાહ બાદ આ મુદ્દે ફરી મતદાન યોજાઈ રહ્યું છે. જો રાષ્ટ્રપ્રમુખ સામે મહાભિયોગની દરખાસ્ત પસાર થઈ જાય, તો બંધારણીય અદાલત તેમની પુનઃસ્થાપના અથવા હટાવવાનો નિર્ણય ન લે ત્યાં સુધી તેમની સત્તાઓ સ્થગિત રહેશે.**

# અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે
# હર્ષ લેઉવા

- આજના તમામ અખબારોએ અલગ અલગ સમાચારને મુખ્યશીર્ષકમાં સ્થાન આપ્યું છે. દિવ્ય ભાસ્કર લખે છે, ભાજપ વર્સીસ કૉંગ્રેસનું બંધા'રણ'. અલ્લૂ અર્જૂનની ધરપકડ, જામીન મળ્યા- આ સંદેશનું મુખ્યશીર્ષક છે. ગુજરાત સમાચારે મુખ્યશીર્ષકમાં લખ્યું, ટ્રમ્પ સત્તા સંભાળતા જ 18 હજાર ભારતીયોને ઘરભેગા કરશે. "દેશ થીજ્યોઃ 12 રાજ્યમાં કૉલ્ડવેવ" આ ફૂલછાબનું મુખ્યશીર્ષક છે. "સેન્સેક્સ 2 હજાર 131 પૉઈન્ટની ઊથલ-પાથલને અંતે 843 પૉઈન્ટ ઉછળ્યો" આ સમાચારને નવગુજરાત સમયે મુખ્યમથાળું બનાવ્યું છે. "સંવિધાન કો માથે સે લગાયાઃ રાજનાથ માથે સે લગાતે, ગુહાર નહીં સુનતેઃ પ્રિયંકા" આ રાજસ્થાન પત્રિકાનું મુખ્યશીર્ષક છે.

તા. 14-Dec-2024

સમય : સવારે 7.45(નેશનલ)

- નવગુજરાત સમય છેલ્લા પાના પર લખે છે, પૉલિટેકનિક ઑવરબ્રિજની જરૂર 2044માં, જાહેરહિતની અરજીમાં અરજદારની રજૂઆત બાદ હાઈકૉર્ટની ટકોર, પાંજરાપોળ ઑવરબ્રિજ ક્યાં બનાવવો તે કૉર્ટ નક્કી ન કરી શકે.
- ગુજરાત સમાચાર પહેલા પાના પર લખે છએ, પુષ્પાનો જેલ શૉ, સવારે ધરપકડ, બપોરે જેલ, સાંજે બેલ.
- સંદેશનો એક અહેવાલ છે, ખેડૂતો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરેઃ સુપ્રીમ
- દિવ્ય ભાસ્કર એક વિશેષ અહેવાલમાં લખે છે, સુરત, રાજકોટ બાદ હવે અમદાવાદમાં લીલાપુર જમીન કૌભાંડ, સ્ટેમ્પ ડ્યૂટી વિભાગમાં ભ્રષ્ટાચાર, સરકાર તમારી ‘ડ્યૂટી’ ખોટી.
- “સંસદમાં પ્રિયાકં ગાંધીનું પહેલું ભાષણઃ ઇન્દિરાએ લાદેલી કટોકટીની ભૂલ કબૂલી” આ શીર્ષક સાથેના સમાચાર ફૂલછાબે પહેલા પાના પર પ્રકાશિત કર્યા છે.